પૈસા માટે પરસેવો પાડનારા ઘણા છે. પણ પર સેવા માટે પરસેવો પાડનારા જૂજ છે
- પૂજ્ય મોટા

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૭૫ | ૨૬ મે, ૨૦૧૩, રવિવાર; વૈશાખ વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# જિલ્લામાં કન્યાઓનો ડ્રોપ આઉટ રેસિયો કુમાર કરતાં વધુ

## કન્યાઓનો ડ્રોપઆઉટ રેસિયો ૫.૨૩ ટકા; ગાંધીનગર અને કલોલ તાલુકામાં ડ્રોપઆઉટ રેસિયો વધુ જ્યારે માણસા-દહેગામમાં બે ટકાથી પણ નીચો દર

ગાંધીનગર, તા. ૨૫
રાજ્યમાં કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવા અંગેના આયોજનો ગાંધીનગરમાંથી થાય છે. પરંતુ ગાંધીનગર જિલ્લામાં જ કન્યાઓનો ડ્રોપ આઉટ રેસિયો કુમારોની સરખામણીમાં વધુ નોંધાયો હોવાથી તંત્રએ હવે કન્યા કેળવણી માટે ધ્યાન વધુ કેન્દ્રીત કરવાનો નિર્ણય કર્યો છે.

ગાંધીનગર જિલ્લામાં પ્રવેશોત્સવના આયોજનને આખરી ઓપ આપવાની તૈયારીઓ તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે. ત્યારે આ ચોંકાવનારી હકીકતે તંત્રના અધિકારીઓને નહિ પણ સમગ્ર તંત્રને હચમચાવી દીધુ છે.

મળતી વિગતો મુજબ ૬ થી ૧૪ વર્ષના બાળકોના ડ્રોપ આઉટ રેસિયો જે નોંધાયો છે તેમાં કુમારનો ૪.૭૭ ટકા છે જ્યારે કન્યાઓનો ડ્રોપ આઉટ રેસિયો ૫.૨૩ ટકા નોંધાયો છે. જો કે જિલ્લાનો સરેરાશ રેસિયો ૨.૧૮ ટકા નોંધાયો હોવાની વાતો કરી તંત્ર તેની નિષ્ફળતાઓને ઢાંકવાનો પ્રયાસ કરી રહેલ છે.

જિલ્લામાં કન્યાઓનો ડ્રોપ આઉટ રેસિયો કુમારની સરખામણીએ ૦.૪૬ ટકા વધુ છે આ ડ્રોપ આઉટ રેસિયો ગ્રામ્ય વિસ્તારમાં વધુ જણાયો છે. નો ડિટેશન સિસ્ટમના અમલીકરણ પછી પણ રીપીટેશન રેટ પણ જિલ્લામાં ચોંકાવનારો હોવાની હકીકતો ચર્ચાઈ રહી છે.

જિલ્લામાં પ્રવેશોત્સવને અસરકારક બનાવવા માટે હવે રાજ્ય સરકારે શાળાઓમાં ગુણવત્તાસભર અને સુવિધાયુક્ત શિક્ષણને મહત્વ આપવાની સાથે સાથે સરકારે હવે ધો. ૧ થી ૫ની શાળામાં ભણતા બાળકો અભ્યાસના અંતે ધો. ૬માં અને ધો. ૧ થી ૭ ના બાળકો ધો. ૭ના અંતે ધો. ૮માં પ્રવેશ મેળવે તે માટે શાળાના આચાર્યની જવાબદારી નક્કી કરવાનો પણ નિર્ણય કર્યો છે.

મળતી વિગતો પ્રમાણે શાળાઓમાં ડ્રોપ આઉટ રેસિયો જે નોંધાયો છે તેમાં ગાંધીનગર અને કલોલ તાલુકામાં તે માણસા અને દહેગામ કરતાં વધુ છે. ગાંધીનગરમાં ૨.૧૪ ટકા અને દહેગામમાં ૨.૩૧ ટકા જેટલો ડ્રાઈઆઉટ રેસિયો નોંધાયો છે. જ્યારે દહેગામમાં તે ૧.૯૭ અને માણસામાં ૧.૮૯ ટકા ડ્રોપ રેસિયો નોંધાયો છે.

સૌથી વધુ ચોંકાવનારી હકીકત એ પણ રહી છે કે છેલ્લા બે વર્ષથી જિલ્લામાં ડ્રોપ આઉટ રેસિયો સ્થિર રહેવા પામ્યો છે. ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪માં આ ડ્રોપઆઉટ રેસિયો ૨.૧૮ ટકા જેટલો જ રહ્યો છે.

શાળાઓમાં એનરોલમેન્ટ સ્થિર થયુ હોવાથી તેમજ શિક્ષણની સુવિધામાં કરાયેલા વધારાને અગ્રતા આપવામાં આવી હોવાની વાતો તંત્રના અધિકારીઓ કરી રહ્યા છે. શાળાઓનું વાતાવરણ બદલાયુ હોવાથી બાળકો હવે વધુ ને વધુ ભણવા માટે રસ લેતા થયાનું પણ અધિકારીઓ જણાવી રહ્યા છે.

એક તરફ રાજ્ય સરકાર ડ્રોપ આઉટ રેસિયો ઘડાડવામાં સફળ રહ્યાની વાતો કરે છે પણ તે માટે અપનાવવામાં આવેલી પદ્ધતિઓ જેવી કે હવે ડ્રોઉપઆઉટનો રેટ ઉંમર પ્રમાણે વિભાજીત કરવાનો, નો રીપીટેશનની પ્રથા દાખલ કરવાનો જેવા પગલાંઓ બાબતે તંત્ર મૌન છે.

ગાંધીનગર જિલ્લામાં આ વખતે પ્રવેશોત્સવમાં આંગણવાડીને પણ સમાવી લઈ શાળાકીય શિક્ષણને વધુ આકર્ષક બનાવવાનો અભિગમ તંત્ર અપનાવનાર છે. ગાંધીનગર જિલ્લામાં ડ્રોપઆઉટનો રેશિયો જે સ્થિર થયો છે તેમાં ગ્રામીણ વિસ્તારમાં જુદા જુદા પ્રયોગો જે હાથ ધરાયા છે તે પણ કારણ હોવાનું તંત્રના અધિકારીઓ માની રહ્યા છે


**કડી સર્વ વિશ્વવિદ્યાલય**
ગાંધીનગર (UGC Recognised University)
**બી.એડ્. અને એમ.એડ્. પ્રવેશ જાહેરાત : ૨૦૧૩-૧૪**
કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર સંલગ્ન અને NCTE માન્ય NAAC Accrediated બી.એડ્. અને એમ.એડ્. કૉલેજ માટે પ્રવેશ કાર્યવાહી ચાલુ છે. અમારે ત્યાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ TAT & TETના નિઃશુલ્ક વર્ગો, Semester System, Open Book Examination અને Campus Interviewનો લાભ લઈ શકશે.
**સંપર્ક**
૧. એસ. એસ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન (બી.એડ્. - મો. ૯૪૨૮૦ ૦૦૭૮૩)
૨. આર. એચ. પટેલ ઈંગ્લીશ મીડીયમ બી.એડ્. કોલેજ (મો. ૯૮૨૫૯ ૭૫૮૦૯)
3. વકીલ શ્રી ડી. એચ. પટેલ ડીપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન (એમ.એડ્.-મો. ૯૮૯૮3૪0૩૪૦)
કડી સ્કૂલ કેમ્પસ, ઘ-૬, સેક્ટર-૨૩, ગાંધીનગર - ૩૮૨૦૨૩
ફોન નંબર : ૦૭૯-૨૩૨૪૪૧૮૧, ૨૩૨૪૮૧૩૧
વધુ માહિતી માટે : www.foeksv.rog








**LCD TV રીપેરીંગ**
આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે
**સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ**
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૮૭૧૧૫, મો ૯૭૧૪૧૯૮૩૬૬




